PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૪/ક્વા–૦૩/૧૬–૧૭/ ૧૧૨૧૪ તા. ૧૭/૧૨/૧૬

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
મનુભાઈ કરશનભાઈ અમરેલીયા,
જય ખોડિયાર સોસયટી,
પ્લોટ નં. : ૮૮,
૧૫૦ ફુટ રીંગ રોડ,
રજવાડી પાન પાછળ ની શેરી,
ગોંડલ રોડ,
રાજકોટ
મો: ૯૯૨૪૧ ૦૦૧૮૯

**વિષય :–વીજબીલ બાબત**

સંદર્ભ:– આપની અરજી , તા. ૦૩–૧૨–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૪૪/ક્વા–૦૩/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
ક્ન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૦૪)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO: 06(A)

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)


**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**


| કેસ નં. : સીજીઆરએફ : ૪૪/કવા–૦૩/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૧૬–૧૨–૧૬ | સ્થળ :–રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામઃ મનુભાઈ કરશનભાઈ અમરેલીયા,ગામઃ રાજકોટ**

**રજુઆત કરનાર : અરજદાર મનુભાઈ કરશનભાઈ અમરેલીયા હાજર રહેલહતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)**

**રજુઆત કરનાર :એચ.બી.પરમાર, કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ**

## : હુકમ :

**ફરીયાદ : વીજબીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૩૪૫૦૮/૧૨૧૧૫/૨ મા, માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૬ નુ, તા.૧૧–૦૨–૧૬ ના રોજ અપાયેલ વીજબીલ જે ૧૭૫૨ યુનીટ ની રકમ ૭૦૯૦.૮૩ ની ગણતરીએ અપાયેલ છે. આ વીજબીલ તેમના જોડાણ ના સ્થળની ક્ષમતા, જોડાયેલ વીજભાર, અને જોડાણ મા સ્થાપિત થયેલ પ્રતિ બીલીગ સરેરાશ વીજવપરાશ થી ઘણુ જ વિશેષતમ છે. તદ ઉપરાંત, આ માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૬ ના વીજબીલ ના યુનીટ મા, અગાઉ ના માહે ઓકટોબર–નવેમ્બર– ૧૫ ની વીજવપરાશ નો, તેમજ માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૬ ના વીજબીલ પછી ના માહે ફેબ્રુઆરી–માર્ચ– ૧૬ અને માહે એપ્રીલ – મે– ૧૬ ના બે વીજબીલો ના યુનીટ નો સરવાળો પણ આ વીજબીલ ના યુનીટ મા સમાવિષ્ટ થયેલ છે. અરજદાર શ્રી ખાસ સ્પષ્ટતા સાથે જણાવે છે કે, તેમના જોડાણ મા માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર– ૧૫ મા , વાસ્તવિક ૮૯૧ યુનીટ ( હાલ ના ૨૦૩૮૯ અને પાછલા ૧૯૪૯૮ = ૮૯૧ યુનીટ) નુ બીલીગ થયેલ છે. ત્યારબાદ, માહે ઓકટોબર–નવેમ્બર– ૧૫ થી માહે એપ્રીલ – મે– ૧૬ સુધી ના, કુલ ૦૮ માસ, એટલેકે ૦૪ દ્રીમાસીક વીજબીલો ના સમયગાળા મા મીટર મા છેલ્લા રીડીગ ૨૨૧૪૧ નોધાયેલ છે. જે મુજબ, સદર ૦૪ દ્રીમાસીક બીલીગ દરમ્યાન ( માહે એપ્રીલ – મે– ૧૬ ના છેલ્લા ૨૨૧૪૧ માથી, માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર– ૧૫ ના છેલ્લા ૨૦૩૮૯ બાદ કરતા બાકી રહેતા = ૧૭૫૨ યુનીટ ) ૧૭૫૨ યુનીટ થવા જાય છે. આ ધોરણ ને ધ્યાને લઈને, તેઓ શ્રી ને અપાયેલ માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૬ નુ ૧૭૫૨ યુનીટ નુ વીજબીલ, જે સદર કુલ ૦૪ દ્રીમાસીક વીજબીલો મા વિભાજીત કરી, અને તે મુજબ વિભાજન ની ગણતરીએ થતી આખરી ગણતરીએ થતી હિસાબકીય યુનીટ અને રકમ મુજબ ની વસુલાત જ, સદર વીજબીલ ને રીવીઝન હેઠળ આવરી લઈ ને કરવા, અને તે મુજબ સદર ૦૪ દ્રીમાસીક વીજબીલો ના સમયગાળા મા તેઓ શ્રી તરફથી અગાઉ ભરપાઈ થયેલ રકમ બાદ કરી, અને આખરી ગણતરીએ થતી રકમ જ વસુલ કરવા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |

| | |
|---|---|
| **૨.૧** | ફરીયાદી અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૩૪૫૦૮/૧૨૧૧૫/૨ મા, અગાઉ માહે ઓક્ટોબર–નવેમ્બર– ૧૫ મા, ( હાલ ના ૨૦૩૮૯ અને પાછલા ૨૦૩૮૯ = ૭૩૦ લોક યુનીટ) ૭૩૦ લોક યુનીટ નુ વીજબીલ જે તા.૦૬–૧૨–૧૫ ના રોજ રૂ.૪,૮૮૨/૪૪ નુ અપાયેલ હતુ. જેની સામે અરજદાર શ્રી એ રૂ.૪,૮૮૦/–, તા.૧૬–૧૨–૧૫ ના રોજ પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ હતા. ત્યારબાદ, આ જોડાણ મા, માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૬ મા, ( હાલ ના ૨૨૧૪૧ અને પાછલા ૨૦૩૮૯ = ૧૭૫૨ યુનીટ ) ૧૭૫૨ યુનીટ નુ, વાસ્તવિક વીજવપરાશી યુનીટ નુ વીજબીલ જે તા.૧૧–૦૨–૧૬ ના રોજ, અગાઉ ના ૭૩૦ લોક યુનીટ ની રકમ રૂ.૪,૮૮૨/૪૪ બાદ કરતા, બાકી રહેતી રકમ રૂ.૭,૧૪૧૧/– નુ, ફરીયાદી અરજદાર શ્રી ને સવાલવાળુ માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૬ નુ વીજબીલ અપાયેલ હતુ. |
| **૨.૨** | ત્યારબાદ, સદર જોડાણ મા માહે ફેબ્રુઆરી–માર્ચ– ૧૬ માં ''૦'' યુનીટ ની ગણતરીએ તા.૦૯–૦૪–૧૬ ના રોજ, અને માહે એપ્રીલ – મે– ૧૬ મા બે વીજબીલો,''૦ '' યુનીટ ની ગણતરીએ તા.૦૯–૦૬–૧૬ ના રોજ – એમ કુલ ૦૨ વીજબીલો, જે ''૦ '' યુનીટ ની ગણતરીએ મીનીમમ રકમ ની આકારણીએ અપાયેલ હતા. જયારે, માહે જુન–જુલાઈ– ૧૬ નુ બીલીંગ, જે વાસ્તવિક વીજવપરાશી યુનીટ મુજબ ( હાલ ના ૨૨૪૧૨ અને પાછલા ૨૨૧૪૧ = ૨૭૧ યુનીટ ) ૨૭૧૨ યુનીટ નુ વીજબીલ, જે તા.૦૪–૦૮–૧૬ ના રોજ થયેલ છે. આમ, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળુ માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૬ મા, ( હાલ ના ૨૨૧૪૧ અને પાછલા ૨૦૩૮૯ = ૧૭૫૨ યુનીટ ) ૧૭૫૨ યુનીટ નુ તા.૧૧–૦૨–૧૬ ના રોજ અપાયેલ વીજબીલ, જે સબંધક મીટર રીડર તરફથી, મીટર ની રીડીંગ સીરીઝ ના યોગ્ય વાંચન ની ભુલ ના કારણોસર નુ હોવાનુ પીજીવીસીએલ ને જણાયેલ છે. |
| **૨.૩** | આમ, ઉપરોકત મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે ના, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળા માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૬ મા, ( હાલ ના ૨૨૧૪૧ અને પાછલા ૨૦૩૮૯ = ૧૭૫૨ યુનીટ ) જણાયેલ વાસ્તવિક વીજવપરાશી એવા ૧૭૫૨ યુનીટ, જે માત્ર માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૬ ના ૦૨ માસ ના સમયગાળા ના નથી. પરંતુ, સબંધક મીટર રીડર ની ભુલ ના કારણોસર, અગાઉ માહે ઓક્ટોબર–નવેમ્બર– ૧૫ થી, માહે જુન–જુલાઈ– ૧૬ સુધી ના ( એટલેકે તા.૦૭–૧૦–૧૫ થી તા.૦૪–૦૮–૧૬ સુધી ના, કુલ ૧૦ માસ ના સમયગાળા ના, કુલ ૦૫ દ્રીમાસીક બીલીંગ સમયગાળા સુધીનુ) કુલ ૦૫ દ્રીમાસીક બીલીંગ સમયગાળા દરમ્યાન ના, ચડત / પડતર રહેલ યુનીટ ના કારણોસર નુ હોય, સદર વીજબીલ ૦૫ દ્રીમાસીક બીલીંગ સમયગાળા નુ છે. જેથી, સદર સવાલવાળુ માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૬ ના વીજબીલ ના ૧૭૫૨ યુનીટ, જે ૦૫ દ્રીમાસીક બીલીંગ મા વિભાજીત કરી, અને તે વિભાજન મુજબ, ( માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર– ૧૫ ના, તા.૦૬–૧૦–૧૫ ના રોજ ના છેલ્લા રીડીંગ ૨૦૩૮૯ અને માહે જુન–જુલાઈ–૧૬ ના તા.૦૪–૦૮–૧૬ ના છેલ્લા રીડીંગ ૨૨૪૧૨ વચ્ચે ના તફાવતીય ૨૦૨૩ યુનીટ ) ૨૦૨૩ યુનીટ ને, સદર જોડાણ મા, માહે ઓક્ટોબર–નવેમ્બર– ૧૫ થી માહે જુન–જુલાઈ– ૧૬ સુધી ના કુલ ૦૫ દ્રીમાસીક બીલીંગ મા વિભાજીત કરતા, પ્રત્યેક વીજબીલ ( ૨૦૨૩ યુનીટ ÷૦૫ બીલો = ૪૦૫ યુનીટ ) ૪૦૫ યુનીટ નુ બનશે. જેથી, સદર જોડાણ મા, અગાઉ ના અપાયેલ માહે ઓક્ટોબર–નવેમ્બર– ૧૫ થી માહે જુન–જુલાઈ–૧૬ સુધી ના તમામ વીજબીલો રદ કરી, અને સદર વિભાજીત ૪૦૫ યુનીટ મુજબ નવેસર થી બનાવી – તે મુજબ સદર ૦૫ વીજબીલો રીવાઇઝ કરી, અને આ રીવાઇઝ ગણતરીએ થતી રકમ માથી, અરજદાર શ્રી તરફથી અગાઉ ભરપાઈ થયેલ રકમ બાદ કરી, અને આખરી ગણતરીએ થતી રકમ જ અરજદાર શ્રી પાસેથી વસુલવાની બાબત પીજીવીસીએલ ને નિયમાધીન યોગ્ય અને વ્યાજબી જણાયેલ છે. આમ, આ મુજબ અરજદાર શ્રી ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવા સબબ નો ફોરમ કમિટી સમક્ષ અત્રે થી અભિપ્રાય રજુ થયેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| ૩.૧ | ફરીયાદી શ્રી ને અપાયેલ સવાલવાળા માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૬ નુ ૧૭૫૨ યુનીટ નુ વીજબીલ, જે કુલ ૦૫ દ્રીમાસીક બીલીગ સમયગાળા ના ચડત/પડતર યુનીટ મુજબ ની, ફરીયાદી અરજદાર શ્રી ની, મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ અરજી ને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી, સદર જોડાણ ના મીટર મા નોંધાયેલ ખરેખર વીજવપરાશી એવા આખરી ગણતરીએ થતી યુનીટ ની સ્થિતી મેળવી અને તેને આનુષાંગીક એવા બીલીગ રેકર્ડ દસ્તાવેજીક પુરાવાને આધારે સમર્થન આપીને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ૨.૩ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ, સદર સવાલવાળા માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૬ ના વીજબીલ ના ૧૭૫૨ યુનીટ વાળા વીજબીલ ને – જે ૦૫ દ્રીમાસીક બીલીગ મા ( જેમકે સદર જોડાણ મા, માહે ઓકટોબર–નવેમ્બર– ૧૫ થી માહે જુન–જુલાઈ– ૧૬ સુધી ના કુલ ૧૦ માસ ના, ૦૫ દ્રીમાસીક બીલીગ માં વિભાજીત કરવાની બાબત) ખરેખર વીજવપરાશી જણાયેલ એવા ૨૦૨૩ યુનીટ ને, ૦૫ દ્રીમાસીક વીજબીલો મા વિભાજીત કરવાની બાબત, પીજીવીસીએલ ને નિયમાધીન યોગ્ય જણાયેલ હોવાનો ફોરમ કમિટી સમક્ષ અભિપ્રાય રજુ થયેલ છે. |
| ૩.૨ | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેના, પીજીવીસીએલ પક્ષકાર ના ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ અભિપ્રાય મુજબ, અરજદાર શ્રી ના જોડાણ મા અગાઉ અપાયેલ માહે ઓકટોબર–નવેમ્બર– ૧૫ થી માહે જુન–જુલાઈ–૧૬ સુધી અપાયેલ કુલ ૦૫ દ્રીમાસીક વીજબીલો રદબાતલ કરી, અને આ ૦૫ માસ ના સમયગાળા દરમ્યાન ખરેખર વાસ્તવિક વીજવપરાશી જણાયેલ એવા ૨૦૨૩ વીજવપરાશી યુનીટ ને, સદર ૦૫ વીજબીલોમા, પ્રત્યેક બીલ મુજબ ના ૪૦૫ યુનીટ મુજબ રીવાઇઝ કરવાની બાબત મુખ્યત્વે છે. અને આ મુજબ ની કુલ ૦૫ વીજબીલો ની રીવાઇઝ ગણતરીએ થતી રકમ માથી – અરજદાર શ્રી તરફથી અગાઉ ભરપાઈ થયેલ રકમ બાદ કરી – અને આખરી ગણતરીએ થતી રકમ જ અરજદાર શ્રી પાસેથી વસુલવાની બાબત પીજીવીસીએલ ને નિયમાધીન યોગ્ય અને વ્યાજબી જણાયેલ હોવાનો ફોરમ કમિટી સમક્ષ અભિપ્રાય રજુ કરાયેલ છે. પીજીવીસીએલ પક્ષકાર નો આ અભિપ્રાય, ફોરમ કમિટી ને પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય અને વ્યાજબી જણાયેલ છે. જેથી, આ મુજબ – અરજદાર શ્રી ના સવાલવાળા ૦૫ વીજબીલો ની વિભાજન ની કાર્યવાહી – જે સદર ૦૫ માહે ના પ્રત્યેક વીજબીલ, રીવાઇઝ કરાયા સબબ ની – પ્રત્યેક માસ ની રીવાઇઝ ગણતરી ની યુનીટ / રકમ ની વિગતો દર્શાવતા સુવ્યવસ્થીત ગણતરીપત્રક, જે ગણતરીપત્રક માહેની રકમ માથી, અરજદાર શ્રી પાસેથી હિસાબકીય રીતે, આખરી ગણતરી એ વસુલાત પાત્ર થતી રકમ ની વિગત દર્શાવતુ, સુવ્યવસ્થીત ગણતરીપત્રક, જે ખાસ પત્ર દ્રારા, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ, અરજદાર શ્રી ને દિન–૧૦ મા પાઠવીને– તે મુજબ, ફરીયાદી અરજદાર શ્રી ની ફરીયાદ નુ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયા સબબ ની કાર્યવાહી દર્શાવતો અહેવાલ, પણ દિન–૧૦મા ફોરમ સમક્ષ રજુ કરવા સબબ નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :**

**હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહી અને, મુદ્દા નં. ૩.૨ મા વર્ણવ્યા મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ના જોડાણ નુ સવાલવાળુ બીલીગ, જે ૦૫ દ્રીમાસીક બીલીગ મા ( જેમકે સદર જોડાણ મા, માહે ઓકટોબર–નવેમ્બર– ૧૫ થી માહે જુન–જુલાઈ– ૧૬ સુધી ના કુલ ૧૦ માસ ના, ૦૫ દ્રીમાસીક બીલીગ મા વિભાજીત કરવાની બાબત) ખરેખર વીજવપરાશી જણાયેલ એવા ૨૦૨૩ યુનીટ ને, ૦૫ દ્રીમાસીક વીજબીલો મા વિભાજીત કરવાની બાબત, ફોરમ કમિટી ને નિયમાધીન યોગ્ય જણાયેલ છે. જેથી, અરજદાર શ્રી ના જોડાણ મા અગાઉ અપાયેલ માહે ઓકટોબર–નવેમ્બર– ૧૫ થી માહે જુન–જુલાઈ–૧૬ સુધી અપાયેલ કુલ ૦૫ દ્રીમાસીક વીજબીલો રદબાતલ કરી, અને આ ૦૫ માસ ના સમયગાળા દરમ્યાન ખરેખર વાસ્તવિક વીજવપરાશી જણાયેલ એવા ૨૦૨૩ વીજવપરાશી યુનીટ ને, સદર ૦૫ વીજબીલોમા વિભાજીત કરી, આમ વિભાજીત થતા, પ્રત્યેક બીલ ૪૦૫ યુનીટ મુજબ ના બનશે. તે ધોરણે સદર ૦૫ વીજબીલો રીવાઇઝ કરી, અને આ રીવાઇઝ ગણતરીએ થતી રકમ માથી, અરજદાર શ્રી તરફથી અગાઉ ભરપાઈ થયેલ રકમ બાદ કરી, અને આખરી ગણતરીએ થતી રકમ જ અરજદાર શ્રી પાસેથી વસુલવાની બાબત પીજીવીસીએલ ને નિયમાધીન યોગ્ય અને વ્યાજબી છે. જે ધોરણે,સદર ૦૫ વીજબીલો ની રીવાઇઝ ગણતરી દર્શાવતા સ્ટેટમેન્ટ સાથે, ખાસ પત્ર, જે અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા, અરજદાર શ્રી ને પાઠવીને, તે મુજબ, ફરીયાદી અરજદાર શ્રી ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયા સબબ નો અહેવાલ, અત્રેના ફોરમ સમક્ષ રજુ કરવા બાબતે નો, આ સાથે પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..